# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૧૪૭-૧ તારીખ : ૦૪ - ૦૩ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી ફળદુ બ્રિજેશભાઈ સવજીભાઈ
પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનશીપ ફલેટ નંબર : ૧૧૨, અંબિકા ટાઉનશીપ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ, સીતાજી ટાઉનશીપ સામે,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૫
મોબાઈલ : ૬૩૫૫૯૪૪૫૦૧

વિષય : લાઈટબીલમાં નામ ટ્રાન્સફર કરવા બાબતે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૦/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોટા મવા રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૦/ક્વા-૪/૨૨-૨૩/** 1147-1 **તા.** 04-03-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૦/ક્વા-૪/૨૨-૨૩, તા.૩૧-૦૧-૨૦૨૩

અરજદાર : શ્રી બ્રિજેશભાઈ સવજીભાઈ ફળદુ, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારના પ્રતિનિધિ તરીકે શ્રી સવજીભાઈ સી. ફળદુ

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -3

રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર -3

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૧.૦૨.૨૦૨૩ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૧.૦૨.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી બ્રિજેશભાઈ સવજીભાઈ ફડદુ ઘરવપરાશનું ૦.૫ કિ.વો.નુ વીજજોડાણ આર.એમ.સી. ના આવાસ યોજનામાં ફ્લેટમાં ગ્રાહક નં.૬૨૮૦૩/૧૧૪૩૫/૬ થી **"DY.ENG.HOUSING CELL RM"** ના નામથી ધરાવે છે. અરજદારના દસ્તાવેજમાં તથા રાજકોટ મહાનગરપાલિકાના વેરાબીલમાં તેમના ધર્મપત્નીનુ જોઈન્ટમાં નામ છે, તે મુજબ વીજબીલમાં નામ બદલી કરવા માટે પીજીવીસીએલ દ્વારા રૂ.૩૦૦/- ના સ્ટેમ્પપેપર પર સંમતિ માંગવામાં આવે છે, જ્યારે આર.એમ.સી. દ્વારા જોઈન્ટના નામે વેરાબીલ આપેલ છે તેમજ ગુજરાત ગેસ કંપનીએ પણ નામ બદલી કરી આપેલ છે. સદર રૂ.૩૦૦=૦૦ ના સ્ટેમ્પપેપર પર રદ કરાવી આર.એમ.સી.ના વેરાબીલના અનુસંધાને જોઈન્ટ નામે વીજબીલમાં નામ બદલી કરી આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત મુજબ, મોટા મવા પેટાવિભાગીય કચેરીના ગ્રાહક નં.૬૨૮૦૩/૧૧૪૩૫/૬ માં ફળદુ બ્રિજેશ સવજીભાઈ નામ ટ્રાન્સફર કરવા ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે. જે અનુસંધાને સદર અરજદાર ગ્રાહક નં ૬૨૮૦૩/૧૧૪૩૫/૬ પંડિત દિન

દયાલ ઉપાધ્યાય ટાઉનશીપના આર.એમ.સી. આવાસ યોજનાના ફ્લેટ નં -૧૧૨ ના વીજજોડાણ ધરાવે છે જેમાં વીજબીલ "Dy. Eng. Housing Cell RM" ના નામે EWS-2 BUIL 112, સીતાજી ટાઉનશીપની સામે, રાજકોટ ના એડ્રેસ પર વીજજોડાણ ધરાવે છે. અરજદારની સદર વીજજોડાણમાં નામબદલીની અરજી અન્વયે નામ બદલી માટે રૂ.૩૦૦=૦૦ ના સ્ટેમ્પપેપર પર એક થી વધુ નામે દસ્તાવેજ હોય તો અન્ય વ્યક્તિઓની નોટરી થયેલ સમંતીપત્ર પેટાવિભાગીય કચેરી દ્વારા માંગવામાં આવેલ છે જે કંપનીના નિયમ અનુસાર હોય, જે રજુ થયે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગ્રાહક નં.૬૨૮૦૩/૧૧૪૩૫/૬ થી "Dy. Eng. Housing Cell RM" નાં નામે EWS-2 BUIL 112 સીતાજી ટાઉનશીપની સામે, રાજકોટ ના એડ્રેસ પર વીજજોડાણ ધરાવે છે. અરજદારની ફરિયાદ મુજબ નામ બદલી અન્વયે પીજીવીસીએલની સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા દસ્તાવેજ એક થી વધુ નામે હોવાથી અરજી સાથે રૂ.૩૦૦=૦૦ ના સ્ટેમ્પપેપર પર અન્ય વ્યક્તિઓની નોટરી થયેલ સમંતીપત્ર રજુ થયે નામબદલીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જે અનુસંધાને અરજદાર દ્વારા ફોરમ સમક્ષ કરાયેલ રજૂઆત મુજબ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ વેરાબીલ જોઈન્ટ નામે કરી આપેલ છે તેમજ ગુજરાત ગેસ કંપની દ્વારા નામ બદલી કરી આપેલ છે, જેથી રૂ.૩૦૦=૦૦ ના સ્ટેમ્પપેપર અંગેનો ખર્ચ રદ કરાવી તેમજ જોઈન્ટ નામે વીજબીલમાં નામ બદલી કરાવી આપવા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલમાં પ્રવર્તમાન રહેલ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરીપત્ર જીયુવી/૨૦૧૬/૩૮૪/ક૧ તા.૦૯.૦૨.૨૦૧૭ મુજબ તેમજ તેને આનુષાગિક પીજીવીસીએલમાં પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલના પરિપત્ર નંબર: જીયુવીએનએલ-ટેક-૨-નામફેર-૨૯૮૬ તા.૧૩.૦૨.૨૦૧૭ ધારા ધોરણમાં સ્થળની માલિકી કે કબજો બદલાવવાના કારણે વીજજોડાણનું નામ ફેરફાર કરવા માટે નીચે મુજબની શરતો જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧. છેલ્લા ભરેલા વીજ બીલની નકલ સાથે એ-૧ ફોર્મ.

૨. માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક

૩. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અથવા ઇન્ડેક્ષની નકલ (જો રજીસ્ટર્ડ દસ્તાવેજ ના હોય અને તેના બદલે કાચો દસ્તાવેજો અથવા કબજા રસીદ હોય તેવા કેસમાં મૂળ માલીકની સંમતિ લેવી.)

અથવા

કો.આ.હા.સો.ના કેસમાં કો.આ.હા.સો.ના લેટર પેડ ઉપર ઠરાવની નકલ તથા મકાન ફાળવેલ પત્રનો દાખલો.

અથવા

ગ્રામ પંચાયત / નગર પંચાયત / નગરપાલિકાનો વીજ જોડાણવાળી જગ્યા માટેનું આકારણી પત્રક

૪. વીજ જોડાણ વાળી જગ્યાની માલિકીમાં અન્ય હક્કદાર હોય તો અન્ય હક્કદારોનું પ્રવર્તમાન ડ્યુટીના સ્ટેમ્પપેપર ઉપર સંમતિ પત્રક.

૫. જરૂરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરીટી ડીપોઝીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોઝીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો

ઈન્ડેમ્નીટી બોન્ડ(જરૂરી રકમનો એક જ સ્ટેમ્પપેપર પર) સાથે હયાત ગ્રાહકની સંમતી મેળવવાની રહેશે.

૬. એન.આર.જી.પી. ૬ KW થી વધારે ક્ષમતાવાળા ગ્રાહકો પાસે જરૂરી કરાર (એગ્રીમેન્ટ) કરવાનો રહેશે.

૪.૩ વધુમાં નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ માં વિભાગ-૨ વ્યાખ્યાઓ અને અર્થઘટનોના મુદ્દા નં -૨.૩ (૩) મુજબ અરજદારની વ્યાખ્યા નીચે મુજબ છે.

"અરજદાર - અધિનિયમ અને પુરવઠા સંહિતાની જોગવાઇઓ, નિયમો અને તેના હેઠળ બનાવેલ વિનિયમો અથવા અન્ય સેવાઓ મુજબ કોઈ જમીન/જગ્યા માલિક કે કબજેદાર કે જેણે વિદ્યુત પુરવઠા માટે, મંજુર વીજભાર/કરાર માંગમાં વધારો કે ઘટાડો કરાવવો, નામમાં ફેરફાર, જોડાણ કાપવું અને પુન:જોડાણ કરવું અથવા કરારની સમાપ્તિ માટે વીજપરવાનેદાર સક્ષમ અરજી પત્રક રજુ કરેલ હોય, તેનો ઉલ્લેખ કરે છે."

તેમજ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ માં હળવા દબાણના વીજજોડાણો માટેના અરજીપત્રકમાં નીચે મુજબની જોગવાઈ જણાવેલ છે.

નવું વીજજોડાણ/ વીજભાર વધારો/ વીજભાર ઘટાડો/ પુર્ન:જોડાણ (ખેતીવાડી)/ નામમાં ફેરફાર/સ્થળ ફેરફાર/ હંગામી વીજજોડાણ/ વીજ જોડાણમાં ફેરફાર/ ગ્રાહકની વીજકક્ષામાં ફેરફાર માટેના અરજી પત્રક (ફોર્મ એ-૧) ના અંતમાં "તારીખ,અરજદાર ગ્રાહકની સહી/અધિકૃત સહી, સ્થળ, નામ:" સાથે નીચે મુજબની નોંધ કરેલ છે.

"(અરજદાર અંગૂઠાનું નિશાન લગાવે ત્યારે સાક્ષીની સહી તથા નામ જણાવવું જરૂરી છે.) (પેઢી/ભાગીદારી/લિમિટેડ કંપની, વકાલતનામું ધરાવતી વ્યક્તિની સહી સાથે સંસ્થાનો અધિકૃત સીક્કો લગાવવો ફરજીયાત છે.)"

૪.૪ આમ, ઉપરોક્ત ૪.૩ મુજબ અરજદારની વ્યાખ્યા અને મંજુર થયેલ અરજી પત્રકમાં એકજ વ્યક્તિની માહિતી માંગેલ હોય, અરજદારની રજૂઆત મુજબ વીજબીલમાં જોઈન્ટ નામથી નામ બદલીની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ, ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ અને ૪.૩ મુજબ અરજદારની રજૂઆત અન્વયે દસ્તાવેજ એકથી વધુ નામે હોય, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રૂ.૩૦૦=૦૦ ના સ્ટેમ્પપેપર પર અરજદાર સિવાયની વ્યક્તિઓની નોટરી થયેલ સમંતીપત્ર માંગવામાં આવેલ છે, જે નિયમાધીન યોગ્ય હોય, જે અરજદાર દ્વારા રજુ થયે પીજીવીસીએલ પક્ષકારને નામ બદલી અન્વયેની આગળની નિયમાધીન કાર્યવાહી કરવા ફોરમ દ્વારા સુચના આપવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ હુકમ કરવામાં આવે છે, અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.